<u>સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીંટીંગ</u>

**આંક–૧ અન્વયે હુકમ:**

**ફોજદારી કેસ નં.૬૨૮૦/૨૦૨૦**

તપાસ કરનાર અમલદારે તેમની તપાસના અંતે અદાલતમાં આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ:૧૮૮ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૧ અન્વયે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

તપાસ કરનાર અમલદારે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સહીતાની કલમ–૧ ૮૮ અંગેની ચાર્જશીટ કરવામાં આવેલ છે તેના અનુસંધાનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ના સરકયુલર નં.ડી.૨૯૧૨–૧૩/૨૦૧૭ તા.૨૯–૦૭–૨૦૧૭ ના રોજ આ અંગે વહીવટી સુચના આપવામાં આવેલી છે જે વહીવટી સુચનાઓ ધ્યાને લેવામાં આવી છે.આ ઉપરાંત આ તબકકે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૧૯૫(૧) માં કરવામાં આવેલી વૈધાનિક જોગવાઈ ધ્યાને લેતાં આ જોગવાઈ મુજબ ભારતીય દંડ સહીતાની કલમ–૧૮૮ મુજબના ગુન્હાની ફરીયાદ જે તે જાહેર સેવક ના જાહેરનામાનો ભંગ કરવામાં આવેલ હોય તે કે, તે જાહેર સેવક જેના તાબા હેઠળ કામ કરતો હોઈ એટલે કે, આવું જાહેરનામું બહાર પાડનાર અધિકારીના ઉપરી અધિકારી હોય તેવા જાહેર સેવકની ફરીયાદ એટલે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨(ડી) મુજબની ફરીયાદ વગર અદાલત ધ્વારા સદર ગુન્હાના કામે કોગ્નીઝેન્સ લઈ શકે નહી કે, કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી નામદાર સુપ્રિમકોર્ટ દોલતરામ વિરુધ્ધ પંજાબ રાજય એ.આઈ.આર ૧૯૬૨ પેજ નં.૧૨૦૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે રતનલાલ ડુંગરજી પટેલ વિરુધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૯૯૮૬/૨૦૧૪ તેમજ નામદાર પટના હાઈકોર્ટે ગૌરી શંકર ઝા વિરુધ્ધ ચિંતનનાથ ઝા તેમજ નામદાર દિલ્લી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલ વિરુધ્ધ અમીલ ચીંબલ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૮૯૨૦/૨૦૧૩ ના કેસમા પ્રસ્થાપિત કરવામાં આવેલ રેસીયો ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ ગુન્હા સબબની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ મા કરવામાં આવેલ વૈધાનીક જોગવાઈનું પાલન કર્યા સિવાય ચલાવી શકાય નહી.

આ કામમા તપાસ કરનાર અમલદાર ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૧ અન્વયે નો પણ ચાર્જ મુકવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજય વિરુધ્ધ ભીમજી માનજી ૧૯૬૮ ક્રિમીનલ લો જનરલ પેજ નં.૧૫૬,કેસવ લાલ ઠાકોર વિરુધ્ધ બિહાર રાજય ૧૯૯૬(૧૧)એસ.સી.સી. પેજ નં.૫૫૭ માં કરવામાં આવેલી જોગવાઈ તેમજ નામદાર ગુજારાત હાઈકોર્ટ ધ્વારા ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૫૨૨૬/૨૦૦૭ તેમજ મોહીન બસા હાજી અબ્દુલ ગફાર વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક ના કેસ લો ધ્યાને લેતાં તેમજ સી.આર.પી.સી. કલમ –૪ મા કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં ગુજરાત પોલીસ એકટની કલમ–૯૦ (૧),૧૧૮અને કલમ–૧૪૩(બી) ના ગુન્હા સીવાય ના બીજા ગુન્હા નોનકગ્નીઝેબલ ગુન્હા રહેલા છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૫(૨) ની કરવામાં આવેલી જોગવાઈ ધ્યાને લેતાં તપાસ કરનાર અમદાર ધ્વારા આવી વૈધાનિક જોગવાઈઓનું પાલન કરવામાં આવેલુ હોય તેવું રેકર્ડ ઉપર જણાઈ આવતું ન હોઈ આ તમામ હકીકતો ધ્યાને લેતાં જયારે વૈધાનીક જોગવાઈઓનો સ્પષ્ટ પણે ભંગ કરવામાં આવેલ હોય ત્યારે અને તેવાં તબકકે ક્રિમીનલ ટ્રાયલ ચલાવવામાં આવે તે કોઈ પણ રીતે યોગ્ય ગણી શકાય નહી કારણ કે, તેનાથી કોઈ પરિણામમાં ફેર આવતો ન હોઈ આથી આજરોજ વડી કચેરી ધ્વારા સ્પેશીય મેજીસ્ટ્રીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય તે બાબતની નોંધ લઈ ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

::: હુ ક મ :::

આરોપી વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ સદર ફોજદારી કેસ ના પ્રોસીડીંગ્સ ડ્રોપ કરવાનો હુકમ કરવામાં આવે છે.ફરીયાદ પક્ષ આ બાબતે કાયદા અનુસાર યોગ્ય કાર્યવાહી કરી શકશે

હુકમ આજરોજ તા.૦૮ મી ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ સ્પેશીય મેજીસ્ટ્રેટ સીટીંગની અંદર જાહેર કરવામાં આવેલ છે.

(ડી.બી.ગોહીલ)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૯, અમદાવાદ.
(જીજે–૦૦૭૫૭)

સ્થળ: અમદાવાદ.
તા.૦૮–૦૨–૨૦૨૦